NCS Code: NA, CCode: SP004

# સ્પોર્ટ્સ સ્કાઉટ (પ્રતિભા ઓળખકર્તા)

સ્કાઉટિંગ એ ટીમની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પ્રતિભાને ઓળખવાની પ્રક્રિયાનો ઉલ્લેખ કરે છે. એક સ્પોર્ટ્સ સ્કાઉટ ટીમ માટે નવી પ્રતિભાઓને ઓળખવાનો પ્રયાસ કરે છે જેથી ટીમના પ્રદર્શનમાં સુધારો થાય.



## વ્યક્તિગત નિપુણતા

- તમે રમતગમતનો આનંદ માણો છો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમને બહાર કામ કરવું પસંદ છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫,૫૦૦ થી ૧૯,૯૫,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ૧૦+૨ પૂર્ણ કરો.

૨. સ્નાતક (બી.એસ.એમ.)ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને ત્યારબાદ સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. અથવા

કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી (બી.એસ.સી. / બી.કોમ. / બી.બી.એ.) પૂર્ણ કરો, ત્યારબાદ, રમતગમત ઉદ્યોગમાં ઇન્ટર્નશિપ કરો. ત્યારબાદ, તમે સ્પોર્ટ્સ મેનેજમેન્ટમાં અનુસ્નાતક ડિપ્લોમા કરી શકો છો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સ્પોર્ટ્સ સ્કાઉટનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૯૩,૦૦૦ થી ૧,૧૨,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.salaryexpert.com/salary/job/sports-scout/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** પ્રોફેશનલ સ્પોર્ટ્સ ટીમો અથવા ક્લબો

**ઉદ્યોગસાહસિકતા :** તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારી કામગીરીના ભાગરૂપે તમારે નવી પ્રતિભાઓને શોધવા માટે સામાન્ય રીતે તમારે યુવા ક્લબ અને સ્ટેડિયમની મુલાકાત લેવાની જરૂર પડશે. રમતગમતના કાર્યક્રમો દરમિયાન અને/અથવા મુસાફરી માટે વધુ સમય કામ કરવાની જરૂર પડી શકે છે. સામાન્ય રીતે તમારા કામના કલાકો નિયમિત હોય છે. રમતગમતની સીઝન દરમિયાન દિવસના વધુ કલાકો ફાળવવા પડી શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર સ્કાઉટ → સ્પોર્ટ્સ સ્કાઉટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સ્પોર્ટ્સ સ્કાઉટ જોબ્સ, સ્પોર્ટ્સ સ્કાઉટ, સ્કાઉટ જોબ્સ ઈન ઈન્ડિયા

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. પોસ્ટ ગ્રેજ્યુએટ ગવર્મેન્ટ કોલેજ ફોર ગર્લ્સ, ચંદીગઢ
૩. ઈન્સ્ટિટ્યુટ ફોર એક્સેલન્સ ઈન હાયર એજ્યુકેશન, ભોપાલ
૪. બજકુલ મિલાની મહાવિદ્યાલય, પશ્ચિમ બંગાળ
૫. દૌલત રામ કોલેજ, દિલ્હી
૬. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. ડૉ. બિરિંચી કુમાર બરૂહા કૉલેજ, પુરાનીગુડમ, આસામ
૮. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ્ યુનિવર્સિટી, ગાંધીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. એ.વી.વી.એસ. શ્રી પુષ્પમ કોલેજ, તમિલનાડુ
૨. અરુમુગમ પિલ્લાઈ સીતાઈ અમ્મલ કોલેજ, મદુરાઈ
૩. સી.એમ.એસ. કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, કોઈમ્બતુર
૪. ગોચર મહાવિદ્યાલય, સહારનપુર
૫. મારવાડી યુનિવર્સિટી, રાજકોટ
૬. એમ.એમ.એચ. કોલેજ, ગાઝિયાબાદ
૭. મીનાક્ષી રામસ્વામી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, તમિલનાડુ
૮. નારાયણરાવ વાઘમારે મહાવિદ્યાલય, અખાડા બાલાપુર, મહારાષ્ટ્ર

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મો બોબટ** એ ઈ.સી.બી. (ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ) સાથે સંકળાયેલા સ્પોર્ટ્સ સ્કાઉટ છે અને ત્યાંના મુખ્ય પ્રતિભા ઓળખકર્તા છે. સ્પોર્ટ્સ સાયન્સ અને મેનેજમેન્ટ સ્નાતક, બોબટે વર્ષ ૨૦૧૧માં લોફબરો ખાતે યુનિવર્સિટી કેમ્પસમાં નેશનલ ક્રિકેટ પર્ફોર્મન્સ સેન્ટર ખાતે કામગીરી શરૂ કરી. ત્યારથી બોબટ ઈંગ્લેન્ડની ટીમની પસંદગી પ્રક્રિયાની કડી સમાન છે.*

સ્રોત : https://www.espncricinfo.com/story/meet-the-scouting-guru-at-the-heart-of-england-s-selection-revolution-1165245

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.